મોટર વાહન વેરાને સુસંગત બનાવવા માટેના રાજયના મંત્રીશ્રીઓના એમ્પાવર્ડ ગ્રુપના કન્વીનર પદે વજુભાઇ વાળાની વરણી

ગાંધીનગર, તા. ૨૬

કેન્દ્રના રોડ, ટ્રાન્સપોર્ટ અને હાઇ-વે મંત્રાલય દ્વારા દેશભરમાં મોટર વાહન વેરાને સુસંગત બનાવવા માટે જુદા જુદા રાજયોમાં મંત્રીશ્રીઓનાં એક એમ્પાવર્ડ ગ્રુપની રચના કરાઇ છે. જેના કન્વીનર પદે ગુજરાત રાજયના નાણા અને વાહન વ્યવહાર મંત્રી શ્રી વજુભાઇ વાળાની નિયુક્તિ કરાઇ છે.

ટ્રાન્સપોર્ટ ડેવલપમેન્ટ કાઉન્સીલ દ્વારા મોટર વાહન વેરા બાબતે અગાઉ લેવાયેલા નિર્ણયોના અમલની સુસંગતતા વિશે આ એમ્પાવર્ડ ગ્રુપ ચર્ચા-વિચારણા કરશે. આ ગ્રુપના અન્ય સાત સભ્યોમાં રાજસ્થાન, બિહાર, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, નાગાલેન્ડ, દિલ્હી અને આસામ રાજયના વાહન વ્યવહાર મંત્રીશ્રીઓની નિમણૂંક કરવામાં આવી છે. જયારે રોડ, ટ્રાન્સપોર્ટ અને હાઇ-વે મંત્રાલયની ટ્રાન્સપોર્ટ રીસર્ચ વિંગના વરિષ્ઠ સલાહકાર આ ગ્રુપના સભ્ય સચિવ તરીકે રહેશે. જુદા જુદા રાજયોના વાહન વ્યવહાર મંત્રીશ્રીઓના એમ્પાવર્ડ ગ્રુપના કન્વીનર પદે મંત્રી શ્રી વજુભાઇ વાળાની નિમણૂંક કરીને કેન્દ્રીય મંત્રાલયે તેમને મહત્ત્વની જવાબદારી સોંપી છે.

મહુવા ખાતે વાલ્મીકી રામાયણ રાષ્ટ્રીય વિચાર સંગોષ્ઠી યોજાશે

ગાંધીનગર તા. ૨૬

તા.૨૨ થી ૨૪ જુલાઈના રોજ રાષ્ટ્રીય વિચાર સંગોષ્ઠિનું આયોજન નેશનલ કોન્ફરન્સ ઓફ રામાયણ દ્વારા કરવામાં આવેલ છે. આદિ કવિ વાલ્મિકીને અર્ઘ્ય સમર્પિત કરવાના વિશુદ્ધભાવથી આ શિબિરનું આયોજન ગોઠવવામાં આવેલ છે.

વાલ્મિકી રામાયણમાં વિવિધ વિષયો લઈને દેશના જુદાજુદા પ્રદેશમાં થી સંસ્કૃત ભાષાના વિદ્વાનો પોતાનું વકતવ્ય આપશે.

ગતવર્ષ પણ આવા કાર્યક્રમો યોજાયા હતા. પ્રાદેશિક રામાયણો શિર્ષકથી ભારત અને વિશ્વની ભકત કવિયત્રીઓની શ્રદ્ધાવંદન 'ગૌર્ગીથી ગંગાસતી' શિર્ષકથી વિશ્વના સર્વધર્મોના આધારભૂત સિધ્ધાંતોથી ચર્ચાના વકૃતત્વો પુરત કે રૂપે પ્રગટ થશે.

નેશનલ કેડેટ કોર્પ (એનસીસી) દ્વારા વ્યસન મુક્તિ સાથે સંબંધિત રેલીનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

ભ્રષ્ટાચાર સામે લડત આપનાર હુમલાનો ભોગ બની રહ્યા છે

કર્ણશીલોને રક્ષણ આપવા કોંગ્રેસની માગણી : મંત્રીના ઈશારે હુમલાઓ થઈ રહ્યા છે મોદી સરકારના ગુંડાગર્દી શાસનની ઓળખ બની ગઈ : કોંગ્રેસનો આક્ષેપ

અમદાવાદ, તા.૨૬

અમરેલીમાં માહિતી અધિકાર કાયદા આધારે ભાજપના મંત્રી અને તેના મળતિયાઓના ભ્રષ્ટાચારની માહિતી મેળવીને ખુલ્લી પાડવા માટે સક્રિયા કર્ણશીલ કાર્યકર્તા પર મંત્રીના ઈશારે જીવલેણ હુમલા થાય તે ગુજરાતની નંબર-૧ મોદી સરકારના ગુંડાગર્દી શાસનની ઓળખ બની ગઈ હોવાનો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવકતા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારના મંત્રી, ધારાસભ્યો, સંસદસભ્યોના આશીર્વાદથી તેમના મળતિયાઓએ મોટાપાયે ખાણ, ખનિજ ચોરી સહતિ ગેરકાયેદસ જમીનો પર દબાણ, ગેરકાયદેસર કોન્ટ્રાકટ જેવા અનેક પ્રકારના ગોરખ ધંધામાં ઝુકાવી દીધું છે.

આવા ગોરખધંધા સામે માહિતી અધિકાર અન્વયે ભ્રષ્ટાચાર રોકવા માટે કર્મશીલો જ્યારે જાગૃત નાગરિક તરીકે ફરજ બજાવે ત્યારે તેઓ સત્તાસ્થાને બેઠેલા સત્તાધીશોને આંખના કણાંની જેમ આ કર્મશીલો ખૂંચે છે ત્યારે તેમના અવાજ રુંધવા ધાકધમકી અને ન માને તો જીવલેણ હુમલા કરાવવામાં આવે છે. ડૉ. મનિષ દોશીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ સરકારમાં તાજેતરમાં જુનાગઢ, પોરબંદર, અમરેલી, સુરેન્દ્રનગર સહિત રાજયના અનેક ખૂણે આવા બનાવો બની રહ્યાં છે.

સમાચાર ઝલક

- એસ્સાર કંપની પાસેથી ૮,૦૦૦ કરોડની વસૂલાતનો આદેશ.
- રાજયમાં બેરોજગારોનો ૧.૧૦ લાખનો વધારો.
- દાહોદમાં જવેલર્સ શોરૂમમાં ૧૬ લાખનાં સોના-ચાંદીની ચોરી.
- પાકિસ્તાનમાં નવી પેઢી આતંકવાદમાં ઘસડાય છે : મનોવૈજ્ઞાનિકોનો મત
- યુ.એસ. કોલરાડોમાં ભીષણ આગ : હજારો લોકોની હિજરત.
- દિલ્હીમાં ફૂટપાથ પર પિલ્લર પડતાં મહિલાનું મોત.
- દિલ્હીમાં ૧૨ છોકરીઓને ફૂંટણખાનામાંથી મુક્ત કરી.
- આસામમાં એક તળાવમાં હજાર અને પાંચસોની ચલણી નોટો મળી આવી, હજારો લોકોએ નોટો મેળવી.
- કુખ્યાત પપ્પુ ગુર્જર ડાકુનું મોત નીપજ્યું છે.
- આસામમાં ૧૫૦૦ ગામોમાં પૂરથી તારાજી.
- કાશીમાં ભોળાનાથની પૂજામાં ભાવવલારો થયો, ભગવાનને પણ મોંઘવારી નડી.
- સીરીયામાં સડકો પર વિદ્રોહીઓનાં દેખાવો.
- ફિલ્મ અભિનેત્રી હેમામાલિનીની પુત્રી જશા દેઓલ એ પ્રભુતાનાં પગલાં પાડેલ છે.

આગામી ચૂંટણી માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા જોરશોરથી તૈયારીઓ હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૨૬

ડિસેમ્બર-૨૦૧૨માં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા જોરશોરથી ચૂંટણી તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. રેલીઓ સંમેલનો બાદ હવે નગરપાલિકા વિસ્તારના આગેવાનો સાથે બેઠકોનો દોર હાથ ધરવામાં આવ્યો છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણીઓ આડે હવે માત્ર ૬ માસ જેટલો જ સમય બાકી રહ્યો છે. આ ચૂંટણી માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા પ્રચારના શ્રીગણેશ કરી દેવામાં આવ્યા છે. કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં આદિવાસી અધિકારી રેલી, પરિવર્તન રેલી, ખેડૂત રેલી જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે.

આગામી ચૂંટણી જંગ જીતવા માટે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સંગઠ્ઠનને મજબુત બનાવવા અને ચૂંટણીલક્ષી કાર્યક્રમો હાથ ધરવા માટે જિલ્લા તાલુકા આગેવાનો મહાપાલિકા વિસ્તારના આગેવાનો સાથે બેઠકો કરીને ચૂંટણીલક્ષી કાર્યક્રમો હાથ ધરવા માટે માર્ગદર્શન પ્રદેશ આગેવાનો દ્વારા આપવામાં આવ્યું હતું.

આજે રાજયની આઠ નગરપાલિકા વિસ્તારના કોંગ્રેસના આગેવાનોની એક બેઠક અમદાવાદ ખાતે મળી હતી. જેમાં પ્રદેશના આગેવાનોએ આગામી ચૂંટણીની તૈયારી માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ શહેરી વિસ્તારોમાં રાજય સરકારની નિષ્ફળતાઓને છતી કરવા માટેના કાર્યક્રમો હાથ ધરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી.

ગુજરાત કોંગ્રેસ દ્વારા આગામી ચૂંટણી માટે જોરશોરથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં પ્રદેશ કોંગ્રેસ દ્વારા રાજયમાં મોટી રેલીઓ અને સંમેલનોના કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

અંગોલાથી સહી-સલામત પરત આવેલા ૩૦ યુવાનોએ મુખ્યમંત્રીશ્રીને મળીને આભાર માન્યો

ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આફ્રિકાના અંગોલાથી સહી સલામત પાછા આવેલા ૩૦ જેટલા ગુજરાતી યુવાનોએ સૌજન્ય મૂલાકાત લઈને આભારની લાગણી વ્યકત કરી હતી. આ યુવાનો મુખ્યમંત્રીશ્રીની સફળ અને સમયસરની દરમિયાનગીરીથી અંગોલામાં હિંસક ઔદ્યોગિક અશાંતિમાંથી ગુજરાત સહિત દેશના યુવાનોને સહી સલામત પરત આવવાનું શકય બન્યું તે અંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનવા પૂર્વમંત્રીશ્રી કરશનભાઈ પટેલના નેતૃત્વમાં ગાંધીનગર આવ્યા હતા.

દસ વર્ષમાં અન્ય રાજ્યોએ ગુજરાતથી વધુ વિકાસ કર્યો

ઔદ્યોગિક વિકાસ, આર્થિક વિકાસ, વિદેશી મુડી રોકાણ, માથાદીઠ ડિપોઝીટ અને માનવ વિકાસમાં ગુજરાત પાછળ : મુખ્યમંત્રી પ્રજાને ગુમરાહ કરે છે : નરહરિ અમીન

અમદાવાદ, તા. ૨૬

ગુજરાતે ૧૦ વર્ષમાં ખુબ જ વિકાસ કર્યો છે અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિકાસ પુરૂષ છે એવા જુઠ્ઠાણા મુખ્યમંત્રી દ્વારા જ ફેલાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે પણ હકીકત એ છે કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના શાસનકાળમાં ગુજરાત તમામ ક્ષેત્રોમાં વિકસીત તેમજ દેશના પછાત રાજ્યો કરતા પણ વિકાસના ક્ષેત્રે ઘણું પાછળ રહ્યું છે તેમ રાજયના પુર્વ નાયબ મુખ્યમંત્રી અને કોંગ્રેસના અગ્રણી નરહરિ અમીને જણાવ્યું છે.

તેમણે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, ઔદ્યોગિક વિકાસ, આર્થિક વિકાસ, વિદેશી મુડી રોકાણ, માથાદીઠ ડિપોઝીટ, માથાદીઠ ધિરાણ, માથાદીઠ આવક, ગરીબીનું પ્રમાણ, માનવ વિકાસ અને આરોગ્યના ક્ષેત્ર જેવા તમામ ક્ષેત્રોમાં દેશના અન્ય રાજ્યો કરતાં ગુજરાત રાજ્ય ઘણું જ પાછળ છે. ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ ૨૦૦૫થી ૨૦૦૯ દરમિયાન ૧૧.૬૫ ટકા રહ્યો હતો જ્યારે આ સમય દરમિયાન ઓરિસ્સાનો વિકાસદર ૧૭.૫૩ટકા, છત્તીસગઢનો ૧૩.૦૩ ટકા, ઉત્તરાખંડનો ૧૮.૮૪ ટકા હતો. આમ ત્રણ પછાત રાજ્યોએ પણ ગુજરાતને પાછળ પડી દીધું હતું.

આ ઉપરાંત વિદેશી રોકાણોમાં ગુજરાત ચોથા ક્રમે છે. આર્થિક વિકાસમાં ક્રેડીટ ડિપોઝીટ રેશીયાનું મહત્વ ખુબ રહેલુ છે તે પ્રમાણે બેન્કોમાં કુલ ડિપોઝીટમાં ગુજરાતનો હિસ્સો ૨૦૧૦-૧૧માં માત્ર ૪.૦૦ટકાનો હતો. તેની સામે આંધ્રપ્રદેશનો ૫.૪૨ ટકા, તમિલાનાડુનો ૬.૨૦ ટકા, કર્ણાટકનો ૬.૩૪ ટકા, મહારાષ્ટ્રનો હિસ્સો ગુજરાત કરતા ૬ ગણો વધારે એટલે કે ૨૬.૬૦ટકા હતો. માથાદીઠ આવકમાં પણ ગુજરાત છઠ્ઠા ક્રમે છે. અન્ય રાજ્યો કરતા ગુજરાતમાં ગરીબીનું પ્રમાણ પણ વધારે છે. શિક્ષણ ક્ષેત્રે ગુજરાત પાંચમા ક્રમે છે.

અમદાવાદ જિલ્લામાં નવા ૪૫ નાયબ મામલતદારોની નિમણૂંક

પ્રજાલક્ષી મહેસુલ સુધારા અને વહીવટી કામોમાં ગુજરાત દેશનું પાયોનિયર : મહેસૂલ તપાસણી કમિશનરનો મત

અમદાવાદ, તા. ૨૬

અમદાવાદ જિલ્લામાં સીધી ભરતીથી નવનિયુક્ત થયેલા કુલ ૪૫ નાયબ મામલતદારોને નિયુક્તિ હુકમોનું વિતરણ કલેક્ટર કચેરી ખાતે કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર વિજય નેહરાની ઉપસ્થિતિમાં યોજાયેલા હુકમ વિતરણ કાર્યક્રમમાં અતિથિ વિશેષપદથી માર્ગદર્શક પ્રવચન આપતાં મહેસૂલ તપાસણી કમિશનર અરૂણકુમાર સુતરિયાએ જણાવ્યું હતું કે, પ્રજાલક્ષી મહસુલી સુધારા અને વહીવટી કામોમાં ગુજરાત દેશનું પાયોનિયર છે. અન્ય રાજ્યોની તુલનામાં મહેસૂલ તેમજ અન્ય વિકાસકામોમાં ગુજરાત અગ્રેસર છે. ઈ-જમીન, ઈ-ધરા તેમજ મહેસૂલની વહીવટી ઝડપી કામગીરી દ્વારા નાગરિકોની સેવા કરવાની તકો ઉપયોગ કરવા સુતરિયાએ જણાવ્યું હતું. મહેસૂલ વિભાગની વિવિધ કામગીરી અને નાયબ મામલતદારોના કર્તવ્ય અને જવાબદારીથી સૌને માહિતગાર કરી નાગરિકોને તેના સંનિષ્ઠ કાર્યલાભ આપવા સચિવ મહેસૂલ અને મહેસૂલ તપાસણી કમિશનરએ કહ્યું હતું. અમદાવાદ જિલ્લાના સાણંદ દેત્રોજ, બાવળા, બરવાળા, ધંધુકા, માંડલ, વિરમગામ, દશ્ક્રોઈ, સીટી ધોળકા અને કલેક્ટર કચેરીની વિવિધ શાખાઓમાં પસંદગી પામેલા નાયક મામલતદારોને આવકારતાં કલેક્ટર વિજય નહેરાએ જણાવ્યું હતું કે, પ્રજાલક્ષી અને માનવીય અભિગમ સાથે નાગરિકોના કામોનો ઝડપથી નિકાલ થાય અને વહીવટીતંત્ર માટેસંતોષની લાગણી અનુભવે તેવી આગવી હકારાત્મક છાપ ઉભી કરીને તમો પ્રજાકલ્યાણનો પરિચય કરાવશો તેનો મને વિશ્વાસ છે.

ટેક્સટાઈલ મિલોના વર્કરોની હડતાળ યથાવત

અમદાવાદ,તા.૨૬

ટેક્સટાઈલ મિલ વર્કરોની હડતાળ યથાવત રીતે જારી છે. મેનેજમેન્ટ, લેબર ડિપાર્ટમેન્ટ, અમદાવાદ ટેક્સટાઈલ મિલ એસોસીએશન અને અમદાવાદ ટેક્સટાઈલ લેબર એસોસીએશનના પ્રતિનિધિઓ વચ્ચેની મિટીંગ નિષ્ફળ ગયા બાદ હડતાળ યથાવત રીતે આગળ વધી રહી છે. વર્કરોની હડતાળના કારણે હવે વર્કરો ઉપર પણ તેની અસર દેખાવવા લાગી ગઈ છે. અરવિંદ, આસિમા અને અસારવા ટેક્સટાઈલ મિલના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. હડતાળ ઉપર રહેલા વર્કરો વચગાળાની માંગણી કરી રહ્યા છે. સાથે સાથે હકાલપટ્ટી સાથે રહેલા લેબરોને ફરી નોકરી પર લેવાની માંગ કરી રહ્યા છે. જો કે આ મિટિંગ ફ્લોપ રહી હતી. કારણ કે ટેક્સટાઈલ લેબર એસોસીએશનના સભ્યોને કેટલીક સુચના આપવામાં આવી હતી. બોમ્બે ઇન્ડસ્ટ્રીયલ રિલેશન એક્ટ હેઠળ ટીએલએ ટેક્સટાઈલ વર્કરો માટે બાર્ગેનિંગ કરતી સંસ્થા છે અને પ્રતિનિધિ તરીકે છે. પગારમાં ૪૦ટકાના માંગણી કરીને અરવિંદ, અંકુર, આસિમા અને અસારવા ટેક્સટાઈલ મિલના ૬ હજાર જેટલા વર્કરો હાલ હડતાળ પર ઉતરેલા છે. ચોથી જુનના દિવસે હડતાળની શરૂઆત થઈ હતી. એ દિવસે અરવિંદ મિલ નરોડા પ્લાન્ટના વર્કરો ફરજ પરથી દૂર થઈ ગયા હતા. પરિસ્થિતિ વધારે ગંભીર બની હતી. કારણ કે અન્ય મિલોના કર્મચારીઓ પણ હડતાળ પર જોડાઈ ગયા હતા. પગાર વધારો મુખ્ય મુદ્દો બનેલો છે. વર્કરો વચગાળાની રાહત તરીકે દર મહિને ૧૬૦૦ રૂપિયાની માંગ કરી રહ્યા છે. બીજી બાજુ હડતાળતનને ગેરકાયદે ગણાવીને અરવિંદ, આસિમા અને અંકુર ટેક્સટાઈલ દ્વારા ઘણા વર્કરોની હકાલપટ્ટી કરી દેવામાં આવી છે.

શબ્દાવલી - ૪૭૭૦



આડી ચાવી

૧. નિર્ણય કરનાર વ્યક્તિ(૪)
૪. ખાસ સમાચાર માટે સ્પેશિયલ બહાર પડાતું સમાચાર પત્ર (૩)
૬. કીડીનું દર (માટી ખોદી બનાવે તે) (૪)
૮. મળવું તે (૩)
૧૦. ગોળ ભૂંગળું વાળવું, ... વાળવો (૨)
૧૧.એક પ્રકારનો તેલીબીયા(૨)
૧૨.નાના બાળકોને લલચાવવા વળાતી મુઠ્ઠી, લે... આપુ (૨)
૧૩. ૨ટ, જીદ (૨)
૧૪. અધુરો (૨)
૧૫. અવગણના (૫)
૧૮. ગાવાની ક્રિયા (૨)
૧૯.જૂના જમાનાનું (૪)
૨૧.સોનું, સુવર્ણ (૩)
૨૨.મોકો, લાગ (૨)

ઊભી ચાવી

૧. રેગ્યુલર, નિયમ પ્રમાણે (૪)
૨. વિશ્વાસ (હિન્દી) (૩)
૩. કાનની વાળી, એક ઘરેણું (૨)
૪. એક હિંસક પ્રાણી (૨)
૫. ... કરવી, રોકવું-ટોકવું તે (૪)
૭. ... કરવી ને પડો ફતેહ છે આગે (૩)
૯. લાલચ આપવી (૫)
૧૦. પંખો (૩)
૧૨. રાજાનું નિવાસ સ્થાન (૩)
૧૫. ખૂબ ઊંડુ, વધારે (૩)
૧૬. ઋજુ, કોમળ (૩)
૧૭. વેપારી, વાણિયો (૩)
૨૦. માણસો એકબીજાને મળે ત્યારે ... ચીત કરે છે (૨)

શબ્દાવલી ૪૭૬૯ના જવાબ

આડી ચાવી :- (૧) કાગાનીંદર (૪) વાડ (૬) યાદી (૭) દોલત (૯) યોગેશ્વર (૧૨) દરવેશ (૧૪) નીપજ (૧૬) આયુધ (૧૭) માર (૧૯) વાયુ (૨૦) નીતિ (૨૨) યોજના (૨૩) સાર

ઊભી ચાવી :- (૧) કાયદો (૨) દયા (૩) રદિયો (૫) ડગર (૮) લહેર (૧૦) ગેલનીયું (૧૧) વશ (૧૨) દરમાયો (૧૩) વેગ (૧૫) પદનીસા (૧૬) આયુષ્ય (૧૮) રજ (૨૧) તિર

ચોકસી મામલે ભાજપ કોંગી સભ્ય વચ્ચે વિવાદ

અમદાવાદ, તા.૨૬

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદીના પદ છોડતા ભાજપ કોંગ્રેસના સભ્યો વચ્ચે વિવાદ વધુ ઉગ્ર બન્યો હતો. આ વિવાદને કારણે તેમણે ઉપકુલપતિ ડૉ. મુકુલ શાહને કુલપતિનો ચાર્જ સોંપવામાં વિલંબ કર્યો હતો. આમ કુલપતિ ડૉ. ત્રિવેદી વિવાદ છોડતા ગયા હોવાની ચર્ચા સભ્યોમાં ચર્ચાતી હતી.

ગુજ. યુનિ.માં સતત બે ટર્મથી કુલપતિના પદ પર રહેનાર ડૉ. પરિમલ ત્રિવેદીનો યુનિવર્સિટીમાં આજે છેલ્લા દિવસ હતો. આજે પદ છોડતી વેળા પ્રો. સૌરભ ચોકસીની જે.જી કોલેજોમાંથી આચાર્ય તરીકે અને યુનિવર્સિટીના સેનેટમાંથી દુર કરવા કોંગ્રેસ પ્રેરીત સભ્યોએ દબાણ કર્યું હતું. જ્યારે ભાજપ પ્રેરીત સભ્યોએ પ્રો. ચોકસીનો બચાવ કર્યો હતો. પ્રો. ચોકસીના મામલે બન્ને સભ્યોએ કુલપતિ ત્રિવેદી ઉપર દબાણ કરતા મામલો ઉગ્ર બન્યો હતો.

પાલનપુર પંથકમાં યુવતીની બિભત્સ ક્લીપીંગ દ્વારા માનસિક હેરાન કરનાર શખ્સ ઝડપાયો

પાલનપુર, તા. ૨૬

યુવાનીના ઉંબરે પગ મુકતી યુવતીઓ માટે લાલબત્તી સમાન ચોંકાવનારી ઘટના પાલનપુરના ચાંગા ગામની યુવતીની બિભત્સ મોબાઈલ ક્લીપીંગ્સ બહાર ફરતા ભારે ચકચાર સાથે આ વિસ્તારમાં અધમ કૃત્ય કરનાર શખ્સ અને યુવતી સામે ફીટકારની લાગણી વરસી છે.

આ ચોંકાવનારી ઘટના અંગે પાલનપુર સીટી પૂર્વે પો. સ્ટે. અને કંટ્રોલરૂમના સૂત્રોમાંથી જાણવા મળતી વિગતોનુસાર પાલનપુર નજીક ચાંગા ગામમાં રહેતા હરિભાઈ ગોદડભાઈ ચૌધરીએ આજ ગામની તેની પ્રેમિકા સાથેના શારિરીક સંબંધોને પાલનપુરના ડૉ. ગીરધર પટેલ રોડ પરના રાજશ્રી ગેસ્ટ હાઉસમાં આજથી બે વર્ષ અગાઉ માહે ફેબ્રુઆરી-૨૦૧૦થી આજ દિન સુધીના સમય દરમ્યાન ગમે ત્યારે તેના મોબાઈલમાં શુટીંગ કરી ક્લીપીંગ્સો બનાવી જાહેરમા તેના મિત્રોને એમએમએસ દ્વારા જાહેર કરતાં ભારે ચકચાર મચી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

તે અંગે ભોગ બનનાર યુવતીએ તા. ૨૫-૬-૧૨ના રોજ પોલીસ ફરિયાદ આપતાં પોલીસે હરિ ચૌધરીની અટકાયત કરી પો.ઈન્સ. ડી.કે. ભોઈએ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ શખ્સ સામે પોલીસે ફરિ. યુવતીની ફરિયાદ મુજબ આઈ.પી.સી. ૩૭૬, ૨૯૨, ૫૦૬(૨), ૫૦૪, ૪૨૮, ૩૭૭, ઈન્ફોર્મેશન ટેક. એક્ટ ક. ૬૬,૭૭ મુજબ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

જૂનું ફર્નિચર દૂર કરાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફર્નિચર નગરના સુવિધા કેન્દ્રોને સોંપી દેવાનો નિર્ણય લેવાયો હતો. આમ છતા લાંબા સમયના અંતે પણ વિભાગની કચેરીઓમાં લોબીમાં ખડકાયેલા જૂના ટેબલો અને તિજોરીઓ આડશ બનતા કર્મચારીવર્ગ સહિત મુલાકાતીઓને પણ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો આખરે લાંબા સમય બાદ વિભાગ કક્ષાએથી લોબીમાં આડશ બનતા ફર્નિચરને નિયતસ્થળે પોંચાડવાનું કામ હાથ ધરી દેવાતા

મજબૂત થવાનું કારણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

- રાજકીય નેતાઓ સિવાય અન્ય મંડળો કે સંસ્થાઓના લોકો મને મળવા માટે આવે છે.
- વિધાનસભાની ચૂંટણી માટે ગુજરાતમાં ત્રીજો મોરચો શક્ય છે, કારણ કે ભૂતકાળમાં ત્રીજો મોરચો નહીં ચાલવા પાછળ જે તે નેતાની લોક વિરોધી કાર્યપદ્ધતિના કારણો હતા.
- ચીમનભાઈ સામે લોક વિરોધના કારણે કીમલોપ ચાલ્યો નહીં, ભાજપમાં બળવાખોરીના કારણે શંકરસિંહની રાષ્ટ્રીય જનતા પાર્ટીને ટેકો મળ્યો નહીં. હવે તેવું કંઈ નથી, તેથી ફાયદો થાય તેમ છે.
- મેં ગુજરાતમાં ત્રણ વર્ષ પાંચ મહિના સુધી શાસન કર્યું છે તેનો મને આનંદ છે. બે વખત મુખ્યમંત્રી બન્યો, હું સંસદસભ્ય પણ રહી ચૂક્યો છું. પાર્ટીએ મને ઘણું આપ્યું છે.
- મેં હાઈકમાન્ડના નેતાઓને કહી દીધું છે કે હું વિરોધ કરતો રહીશ, વિનંતી કરવા આવ્યો નથી. તમે પગલાં લઈ શકો છો.

ન્યુજર્સીમાં હવે ત્રીજી ચાલો ગુજરાત વર્લ્ડ કોન્ફરન્સ થશે

અમદાવાદ, તા.૨૬

એસોસિયેશન ઓફ ઈન્ડિયા અમેરિકન્સ ઈન નોર્થ અમેરિકા (એઆઈએએનએ) દ્વારા લેબર ડે વિકએન્ડ એટલે કે ૩૧મી ઓગસ્ટથી ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૨ દરમિયાન ન્યુ જર્સીમાં આવેલા રેરિટન એક્સ્પો સેન્ટર ખાતે ત્રીજી ચાલો ગુજરાત - વર્લ્ડ ગુજરાતી કોન્ફરન્સ (ડબલ્યુજીસી) યોજવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે ત્યારે ચાર વર્ષના સમયગાળા પછી ફરી એકવાર અમેરિકામાં ગુજરાતી માહોલ છવાઈ જાય તેની ઘડીઓ ગણાઈ રહી છે. આ વર્ષે કોન્ફરન્સની થીમ ગુજરાત, ગુજરાતી, ગુજરાતીઝમ રાખવામાં આવી છે અને સમગ્ર વિશ્વમાંથી આશરે ૪૫૦૦૦ ગુજરાતીઓ આ ત્રણ દિવસીય કોન્ફરન્સમાં ભાગ લે એવી ધારણા છે. કોન્ફરન્સ અંગે વિગતો આપતાં એઆઈએએનએના પ્રેસિડન્ટ સુનિલ નાયકે જણાવ્યું હતું કે આ કોન્ફરન્સ તમામ ગુજરાતીઓ માટે એક યાદગાર પ્રસંગ બની રહેશે. કોન્ફરન્સ દરમિયાન અમે ગુજરાત, તેના ભવ્ય ભૂતકાળ, સાહસિકતાથી છલકાતા વર્તમાન અને ઉજ્જવળ ભાવિની ઝાંખી કરવાનો ઈરાદો ધરાવીએ છીએ.

ત્રીજી કોન્ફરન્સ પહેલાની બે કોન્ફરન્સથી તદ્દન અનોખી હશે અને તે અનોખી અને આધુનિક રીતે ગુજરાતની ગરિમાને રજુ

૩૧મી ઓગસ્ટથી બીજી સપ્ટેમ્બર વચ્ચે કોન્ફરન્સ

કરશે. હાલમાં આ કોન્ફરન્સ યોજવા માટેની તૈયારીઓ અમેરિકામાં અને બારતમાં પુરજોશમાં ચાલી રહી છે. ગુજરાત અંગે ગુજરાતીમાં તૈયાર કરવામાં આવેલી એક ડૉકી ફિલ્મમાં કાર્યક્રમનું એક મુખ્ય પાસું બની રહેશે અને સૌ પ્રથમ વાર આ પ્રકારની ફિલ્મ વિશાળ પડદા પર દર્શાવવામાં આવશે. આ ઉપરાંત મલ્ટિમિડિયા શો, વિવિધ વિષયો પરના સેમિનાર, ગુજરાતી યુવતીઓ માટેની સૌંદર્ય સ્પર્ધા, ગુજરાતી ડાયરો, સંગીત સંધ્યાઓ આ કોન્ફરન્સ દરમિયાન આકર્ષણનું કેન્દ્ર બની રહેશે અને ગુજરાતની મોંઢામાં પાણી લાવી દે એવી ખાસ રીતે તૈયાર કરેલી વાનગીઓ પણ મુલાકાતીઓને આંગળા ચાટતા કરી દેશે. વિશ્વભરમાં પ્રસિદ્ધ ગુજરાતના સિંહોની ત્રાડ પણ આ કોન્ફરન્સ દરમિયાન ગુંજતી દેખાશે.

કોન્ફરન્સની થીમ ગુજરાત, ગુજરાતી, ગુજરાતીઝમ હશે ગુજરાતની ગરીમાને આધુનિકતાથી રજુ કરવામાં આવશે